# "સ્વામિનારાયણ ધર્મનો આદિવાસીઓ પર પ્રભાવ"

પ્રા. હરેશ બી. સુથાર
સમાજશાસ્ત્ર વિભાગ
એન. એસ. પટેલ આર્ટસ્ કોલેજ,
આણંદ.

ધર્મ સામાજિક વ્યવસ્થાની ખૂબ મહત્વની સંસ્થા છે. સમગ્ર સમાજમાં કુટુંબ, શિક્ષણ, અર્થવ્યવસ્થા, ધર્મ, અને રાજ્ય તે મુખ્ય સંસ્થાઓ છે. સમગ્ર સમાજમાં ધર્મ કે રાજ્ય મહત્વના ગણાય છે. ધર્મ માનવીની આંતરિક બાબતો પર ગંભીર અસરો નિપજાવે છે. વ્યક્તિના જીવનની તરાહ, વ્યક્તિનું વર્તન, વ્યક્તિની ક્રિયાઓ, વ્યક્તિની માનસિક્તા સમગ્ર તથા માત્ર ધર્મ આધારિત હોય છે. ધર્મ વ્યક્તિના માનસતંત્ર ઉપર પ્રભાવ પાડે છે. ગમે તેવા બાહ્ય પડકારો સામે ધર્મની માન્યતાઓ ખુબ મહત્વનો ફાળો દર્શાવે છે. ભારતીય સમાજમાં તેમાંય ખાસ કરીને ગ્રામિણ સમાજમાં આધુનિક વસ્તુઓ પહોંચી છે પરંતુ હજુ સંપૂર્ણપણે આધુનિક મૂલ્યો પ્રભાવ ધરાવતા નથી.

ભારતમાં હિંદુ, જૈન, પારસી, બૌધ્ધ, ઈસ્લામ તથા ખ્રિસ્તી ધર્મ પળાય છે. હિંદુ ધર્મના એક સંપ્રદાય તરીકે સ્વામિનારાયણ ધર્મ લગભગ 225 વર્ષથી સમાજમાં પ્રસરેલ છે. એ વૈષ્ણવ ધર્મના પર્યાય તરીકે ઉદભવેલ હોય એવું જણાય છે. સ્વામિનારાયણ ધર્મના ઉદભવ સમયે તત્કાલીન પરિસ્થિતિ સમજીએ તો સહજાનંદ સ્વામી તે શ્રી કૃષ્ણની જ ભક્તિ કરતા હતા. સહજાનંદ સ્વામીએ સમાજમાં પ્રવર્તમાન કુરિવાજોને દૂર કરનાર સમાજ સુધારક તરીકે કાર્ય કર્યાની ઈતિહાસ સાક્ષી પૂરે છે. ખુબ ઓછા અનુયાયીઓથી શરૂ થયેલો ધર્મ આજે ગુજરાત અને દુનિયામાં ધીમે ધીમે પ્રસરતો જાય છે. બી. એ. પી. એસ. (બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વ હેઠળ સુધારણા સાથે માનવજીવનને મૂલ્યવાન બનાવવા લગભગ 170 પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કાર્ય કરી રહી છે. જેમાં, પછાત ગણાતા વિસ્તારો માટેના કાર્યક્રમો કેંન્દ્રસ્થાને રહ્યા છે. આ સંપ્રદાય દ્વારા ભારતભરમાં 450 મંદિર અને સાત હજાર કરતાં વધુ સત્સંગકેન્દ્રો વિવિધ આધ્યાત્મિક અને સામાજિક-આર્થિક પ્રવૃત્તિઓ અને સેવા દ્વારા માટે ક્રમશ: શરૂ કરવામાં આવેલ છે.

પંચમહાલ જિલ્લામાં આવેલા દેવગઢબારિયા જેવા આદિવાસી વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર છે. એ મંદિરમાં દર્શન કરવા આવનારા 100 ભક્તોને સ્નોબોલ પધ્ધતિથી નિદર્શ પસંદ કરી તેમના

જીવનના પાસાઓ અંગે વૈજ્ઞાનિક તપાસ કરી. ઉત્તરદાતાઓ તરીકે પસંદ થયેલા વિવિધ 6 ગામના નાગરિકો હતા.

સૌ પ્રથમ મદિરમાં આવનારા 100 ઉત્તરદાતાની મુલાકાત પધ્ધતિથી માહિતી પ્રાપ્ત કરી. આ બધા જ ઉત્તરદાતાઓ ભીલ, પટેલીયા, નાયકડા સમુદાયના હતા. તેઓની ઉંમર 21 થી 30 વર્ષ 33 ટકા, 31 થી 40 વર્ષના 17 ટકા, 41 થી 50 વર્ષના 40 ટકા, 51 થી 60 વર્ષના 06 ટકા અને 60 થી ઉપરના 04 ટકા જોવા મળ્યા હતા. જેમાંથી 52 ટકા પુરૂષો અને અને 48 ટકા સ્ત્રીઓ હતી. 98 ટકા પરણિત હતા. જ્યારે 2 ટકા અપરણિત હતા. 50 ટકા ઉત્તરદાતાઓ નિરક્ષર હતા. 35 ટકા ઉત્તરદાતઓ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ અને 15 ટકા ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલા હતા. સ્ત્રીઓમાં 61 ઉત્તરદાતા નિરક્ષર અને 39 ટકા ઉત્તરદાતા જેમણે બીજાથીએ ચોથું ધોરણ ભણેલા હતા. બધા જ ઉત્તરદાતાઓ નાની-મોટી ખેતી કરતા અને મજૂરીકામ પણ કરતા જણાયા. 8 ટકા ઉત્તરદાતાઓ પાસે દુધાળા પશુઓ હતા. 88 ટકા ઉત્તરદાતાઓ વિભક્ત કુટંબ ધરાવતા હતા. જ્યારે 12 ટકા ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબ ધરાવતા જણાયા. બધા જ જુદી જુદી જગ્યાએ ખેતરમાં દૂર-દૂર રહેતા. પરંતુ પ્રસંગમાં સપૂર્ણ સંયુક્તતા તેઓ અનુભવતા હતા. આદિવાસીઓનું ઘર નાનું પરંતુ મોટે ભાગે તેઓ ખેતરમાં જ રહેતા જોવા મળ્યા. ઝરણાં, નદી, તળાવનું પાણી તેઓ વાપરે છે. અને સ્ટેન્ડ પોસ્ટ ઉપરથી પાણી વાપરે છે.

આ આદિવાસીઓ રસોઈ માટે લાકડાં વાપરે છે. પરંતુ 8 ટકા કુટુંબો પાસે સ્ટવ છે. એમની જીવનરીતી પ્રમાણે તેઓ કુદરતી ક્રિયાઓ માટે બાથરૂમ કે સંડાસને બદલે જંગલનો ઉપયોગ કરે છે. લગભગ 90 ટકા ઉત્તરદાતાઓ ગરીબી રેખાથી નીચે જીવે છે. બધા જ કુટુંબોને નાણાંકીય ખેંચ પડે છે. 40 ટકા ઉત્તરદાતાઓએ 10 વર્ષ પહેલાં, 2 ટકા ઉત્તરદાતાઓએ 8 વર્ષ પહેલાં અને 28 ટકા ઉત્તરદાતાઓએ છેલ્લા પાંચ વર્ષમાં સ્વામિનારાયણ ધર્મનો સ્વીકાર કર્યો છે. તેઓની ભાષા સ્પષ્ટ નથી. પણ બધા જ ઉત્તરદાતાઓ પ્રાર્થના, ધૂન અને કીર્તન યોગ્ય ઉચ્ચાર દ્વારા કરી શક્તા હતા.બધા જ સાક્ષર ઉત્તરદાતાઓ સત્સંગની પરિક્ષા આપવાનો પ્રયત્ન કરતા હતા. 76 ટકા ઉત્તરદાતાઓ મંદિર દ્વારા યોજાતી બધી જ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. 92 ટકા ઉત્તરદાતાઓ નિયમિત સવાર-સાંજ મંદિરમાં આવતા હતા. દરેક ઉત્તરદાતાઓને ધાર્મિક સંતો ઓળખતા હતા. 52 ટકા ઉત્તરદાતાઓના મતે મંદિરમાં આવવાને કારણે તેમનામાં સભાનતા વધી છે. અને વિવેક વધ્યો છે. જીવન અંગેની સમજણ વધી છે. સંઘર્ષ ઓછા થયા છે. ગામમાં થતા ઝગદાઓને સંતોની દરમ્યાંગીરીને કારણે ઓછા કરી શક્યા છે. 92 ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે મંદિર પડખે છે એવી બાંહેધરીને કારણે તેમના જીવનમાં ગુણવત્તાભર્યું પરિવર્તન જોઈ શકાય છે. આ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમણે બલી ચઢાવવાનો નિષેધ સપૂર્ણ પણે સ્વીકાર્યો છે. મંદિર દ્વારા પ્રાપ્ત આરોગ્ય સેવાઓનો તેઓ લાભ લે છે. 8 ટકા ઉત્તરદાતાઓના બાળકો વિવિધ સ્વામિનારાયણ સ્કુલોમાં ભણે

છે અને હોસ્ટેલમાં રહે છે. 58 ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યુ કે મંદિરમાં આવવાને કારણે તેઓ ચોખ્ખા કપડાં પહેરતા થયા તથા વાળ ઓળતા થયા. 68 ટકા ઉત્તરદાતાઓએ વિવિધ સમયે શિબિર ભરેલ છે. જેમાં તેમને જીવન ઘડતરના જે પાઠ શિખવવામાં આવ્યા તે તેમને આ પહેલા વિચાર્યા કે સમજ્યા ન હતા.તેમણે સતત તેને યાદ રાખી તેમના બાળકોને પણ તે શિખવવાનો પ્રયત્ન કરે છે. 94 ટકા ઉત્તરદાતાઓએ દારૂ બંધ કર્યો છે. લગભગ 52 ટકા ઉત્તરદાતાઓએ ક્યારેક દારૂ પી લે છે એવી કબુલાત કરી હતી પરંતુ નિયમિતપણે દારૂ છોડી દીધો છે. 100 ટકા ઉત્તરદાતાઓને ધર્મસંસ્થા તરફથી કપડાંની ઓછામાં ઓછી એક કે બે જોડ પ્રાપ્તથઈ છે. મંદિરમાં આવવાને કારણે તેઓ મંદિરના પટાંગણમાં અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. બધા જ ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે સ્વામિનારાયણ ધર્મ અપનાવ્યા પછી તેઓ પાણી ગાળીને પીએ છે. ઉત્તરદાતાઓએ શરમાતા શરમાતા કહ્યું કે મોટાભાગના ઉત્તરદાતાઓએ ચોરી નહી કરીએ તેવું સ્વીકાર્યું અને કોઈ પણ ભગવાનને ન ગમે તેવું કામ નહી કરવાનું સ્વીકાર્યું. બધા જ ઉત્તરદાતાઓ સાથે વાત કરતાં જણાયું કે જેઓએ આ ધર્મ અપનાવ્યો નથી તેવા કુટુંબો કરતાં તેમની પ્રગતિ વધુ થઈ છે અને તેમના કરતાં તેઓ વધુ કંઈ જાણે છે, કંઈ વિચારે છે. અને બધા જ ઉત્તરદાતાઓ પોતાની જાતને ભાગ્યશાળી માને છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પોતે પોતાને ભાગ્યશાળી અને શક્તિશાળી ગણાવે છે તથા તેમના બીજા નજીકના મિત્રો અને સગા વહાલાં આ ધર્મમાં જોડાય એવું ઈચ્છે છે. પ્રગતિ માટે ધર્મ મદદ આપે છે એવું તેમણે સ્પષ્ટપણે જણાવ્યું.મોટાભાગના ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે ધર્મ સ્વીકાર્યા પછી તેઓએ મંદિર પ્રાર્થન, જીવનમૂલ્ય અંગે સમજ પ્રાપ્ત થઈ. કોઈપણ મુશ્કેલીના સમયેતેઓ નિર્ભિક રીતેસંતોની મદદ તથા સલાહ સૂચન પ્રાપ્ત કરી શકે છે. 68 ટકા ઉત્તરદાતાઓએ લગ્નની પધ્ધતિઓમાં ફેરફાર સ્વીકાર્યો છે.સંતોની શીખ, પ્રેરણાને કારણે તેમના લગ્નોની તરાહ બદલાય છે. મોટાભાગનાઓએ સ્વીકાર્યું કે તેઓ મરવા મારવાના મૂડમાં રહેતા હતા તે ઘણું ઓછું થઈ ગયું છે. પોતાની જાતને તેઓ મહ્ત્વ આપે છે. કારણ કે તેમના જીવનનો ધ્યેય બદલાયો છે. બધા જ ઉત્તરદાતાઓએ પોતાનું જીવન કલ્યાણમય બને તેવી તમન્ના રાખતા જણાયા. સામાજિક પરિવર્તનની દ્રષ્ટીએ જોઇએ તો તેમનામાં ભૌતિક બાબતો અને ભૌતિક પરિસ્થિતિ સાથે તેમના આંતરિક મૂલ્યો પર પણ અસર થઈ છે. ધર્મ સ્વીકારથી તેઓએ જીવનના સ્વપ્નોને વધુ સ્પષ્ટ રીતે આંકવાનો પ્રયત્ન કર્યો છે. 82 ટકા ઉત્તરદાતા તેમના બાળકોના ઉછેર, અભ્યાસ, અને સંસ્કાર, પ્રત્યે જાગૃત જોવા મળ્યા. મંદિર અને સંતો દ્વારા થતી બાળ પ્રવૃત્તિમાં પોતાના બાળકોને ખાસ સામેલ કરવાનો આગ્રહ રાખે છે. બાળકોને નાનપણથી જ વ્યસન અને અંધશ્રધ્ધામાંથી મુક્ત બનાવવા માટે તેઓના મતે ધર્મ અને સત્સંગ જ આખરી ઉપાય છે. સત્સંગ સાથે જોડાયેલ આદિવાસી મહિલાઓ પુરૂષો કરતાં પણ પાકી નિષ્ઠા ધરાવે છે. તેઓ દ્રઢપણે માને છે કે માણસ તરીકેનું

જીવન અમને સંતોના પ્રવચન, સત્સંગી હરિભક્તો અને કાર્યકરોના સંપર્ક અને પ્રયત્ન દ્વારા સમજાવ્યું છે. કાલે શું ખાવું તેની ચિંતા હતી તેના સ્થાને અમે બચત કરી શકીએ છીએ એમ જણાવ્યું તથા 40 ટકા ઉત્તરદાતાઓમાં સ્ત્રીઓ થકી કુટુંબમાં સત્સંગ થયેલ જણાયું.

બી. એ. પી. એસ. દ્વારા આદિવાસી લોકો માટે તેમના જીવન ઉત્કર્ષ માટે વિવિધ બાળ, યુવા, મહિલા તેમજ શૈક્ષણિક પ્રવૃત્તીઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે વ્યસનમુક્તિ અને જીવનના સામાજિક–આર્થિક વિકાસ અંગેના કાર્યક્રમો દ્વારા આદિવાસીઓના જીવનમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

## સંદર્ભસૂચી

1. બી. એ. પી. એસ. (2010). અક્ષરપીઠ, "પ્રકાશ" અમદાવાદ.
2. શાહ, એ. જી. અને દવે, જે કે. (1996). "આદિવાસીનું સમાજશાસ્ત્ર", અનડા પ્રકાશન, અમદાવાદ.
3. શાહ, એ. જી. અને દવે, જે કે. (1995). "સામાજિક સંશોધન", અનડા પ્રકાશન, અમદાવાદ.
4. શાહ, એ. જી. (1995). "ધર્મનું સમાજશાસ્ત્ર", અનડા પ્રકાશન, અમદાવાદ.
5. શાહ, એ. જી. અને દવે, જે કે. (1997). "ભારતમાં આદિવાસી સંસ્થાઓ", અનડા પ્રકાશન, અમદાવાદ.